ડાયાબીટીશે છીનવી દૃષ્ટિ, તો પત્નિએ દેખાડી સૃષ્ટિ

@ગાંધીનગર

● દિલ્હી પબ્લિક સ્કૂલનો વાર્ષિકોત્સવ સોમવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાશે.

● પ્લોટ નં. ૨૩૬/૧, સેક્ટર-૫-એ, બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે સવારે ૮.૩૦ થી ૯.૧૫ કલાક તેમજ સાંજે ૪.૩૦ થી ૫.૧૫ કલાક દરમિયાન રાજયોગ શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ભુલકાઓએ ગિટાર સાથે રોક એન્ડ રોલ ડાન્સ રજુ કર્યો : શ્રોતાઓ દંગ

સેક્ટર-૧ સ્માર્ટ કિડ્સ નર્સરીના વાર્ષિક ઉત્સવમાં ડાન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ થીમે રંગ રાખ્યો

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૧માં આવેલ સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો વાર્ષિક ઉત્સવમાં ભારતીય અને વેસ્ટર્ન કલ્ચરનો સમન્વય જોવા મળ્યો હતો. જેમાં બાળકોએ સંગીત સાથે

વિવિધ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ભૂલકાઓએ હાથમાં ગિટાર લઈ રોક એન્ડ રોલ ડાન્સ રજુ કરી શ્રોતાઓના દિલ જીતી લીધા હતા.

સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો ૧૪મા વાર્ષિક ઉત્સવ 'ડાન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ' થીમ ઉપર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમ સંસ્કૃતિ નાતાલ-મેલ સાથે ફ્યુઝન ડાન્સ રજૂ કરાયા હતા. આ વાર્ષિક ઉત્સવમાં સૂર્ય નમસ્કાર, યોગા, ભરત નાટ્યમ, કરાટે, સંસ્કૃત શ્લોક તેમજ વેસ્ટર્ન ડાન્સમાં ઝેસડાન્સ, સ્ટ્રીટ, રોક એન્ડ રોલ, ફન ડાન્સ સહિતની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ભુલકાઓએ રજુ કરી હતી.

આ કાર્યક્રમમાં રોક એન્ડ રોલ ડાન્સ બાળકોએ ગીટાર લઈ રજૂ કર્યો હતો. ચાંદની ચોક ટુ ચાઈના ફિલ્મના ગીત ઉપર બાળકોએ ચાઈનીઝ છત્રી કરાટે અને ડ્રેગન દ્વારા પ્રસ્તુત કર્યું હતું. સર જુકા કે આઝ શામ શાનદાર, મટરગસ્તી જેવા જુદા જુદા ગીતો ઉપર બાળકોએ અદ્‌ભુત ડાન્સ રજૂ કર્યા હતા. ડાન્સ પરફોમ્સ દરમિયાન બાળકોએ ડ્રેસ અને એસેસરીઝ ડાન્સ સ્ટાઈલને મેચ કરી હતી. સંપૂર્ણ હોલનુ સ્માટકીડ્સ નર્સરીના શિક્ષકોએ અનોખી રીતે સુશોભિત કર્યો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વાલીઓએ પણ રેડ એન્ડ બ્લેક થીમ ઉપર કપડાઓ પહેર્યા હતા. કાર્યક્રમ દરમ્યાન પોતાના બાળકોને પ્રોત્સાહન પણ પુરૂ પાડ્યું હતું.

આ વાર્ષિક ઉત્સવમાં પુરુષોત્તમ રૂપાલા, ગુડાના ચેરમેન આશિષ દવે, જિલ્લા કલેક્ટર રવિશંકર ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું નાના ભૂલકાઓએ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય સ્નેહાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. નર્સરી સ્કૂલના શિક્ષકોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું.

ચિલોડા પ્રાથમિક શાળાના બાળકો માટે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની જાણકારી પ્રાપ્ત થાય તેવા હેતુથી વડોદરા, આજવા, નિમેટા, સરદાર સરોવર, પાવાગઢ, ડાકોર, ગલતેશ્વર, લસુન્દ્રા સહિતના સ્થળોની બાળકોએ મુલાકાત લીધી હતી. આ પ્રવાસમાં ૬૧થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને રસપ્રદ શૈક્ષણિક માહિતી પ્રાપ્ત કરી હતી.

કલોલના પલોડીયા ખાતેના અડ્ડે જુગાર રમવા આવેલા અમદાવાદીઓ ઝડપાયા

એલસીબીએ દરોડો પાડી ૨.૨૬ લાખના મુદ્દામાલ સાથે સાતને પકડ્યા : ત્રણ ફરાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ મોડી સાંડે ચોક્કસ બાતમીને આધારે કલોકના પલોડીયા ખાતે જુગારનાં અડ્ડા પર દરોડો પાડ્યો હતો. પલોડીયાના અડ્ડા ઉપર જુગાર રમવા આવેલા શખ્સો મોટા ભાગના અમદાવાદી છે. એલસીબીની ટીમે ૨.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સાત શકુનીઓની ધરપકડ કરી લીધી છે. જયારે ત્રણ શખ્સો ફરાર થઈ જવામાં સફળ રહ્યાં હતા. એલસીબી એ કાયદેસરની કાર્યવાહી કરીને સાંતેજ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કલોકના પલોડીયા ખાતે એક જુગારધામ ચાલી રહ્યું છે. જેને આધારે ગઈ મોડી સાંજે દરોડો પાડ્યો હતો. ૧, ૫૮, ૨૦૦ રોકડા તથા બે બાઈક ઉપરાંત ૧૦ નંગ મોબાઈલ સહિત રૂા. ૨, ૨૬, ૭૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે પોલીસે મેમનગરના ચિરાગ કનુ ઠાકોર, કલોકના નાંદોલી ખાતે રહેતા પોપટ કાંતિ ઠાકોર, બોપલનાં જિગ્નેશ કનુ પટેલ, સાણંદનાં સંજય ધીરા ડાભી, રણજીત દશરથ ઠાકોર, સેટેલાઈટનાં રાકેશ પ્રહલાદ ઠાકોર અને રવિ પ્રહલાદ ઠાકોર મળીને સાત જુગારીઓની ધરપકડ કરી લીધી છે. જયારે ઘુમા વિસ્તારના રમેશ ઠાકોર તથા કલોલના પલોડીયા ખાતે રહેતા કમલેશ રઈજી ઠાકોર અને ગોપાલ બુધા ઠાકોર મળીને ત્રણ શકુનીઓ નાસી છૂટવામાં સફળ રહેતા ત્રણેય ફરાર શખ્સોની ધરપકડ માટે તજવીજ શરુ કરવામાં આવી છે.

વાતવાતમાં

● રવિવારે સવારથી કેટલાક સેક્ટરોમાં પાણી ના આવતા નગરજનોને દૈનિક કાર્યોમાં હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. એપાર્ટમેન્ટમાં રહેતા રહીશોએ તો સહિયારા ખર્ચે પાણીની ટેન્કર મંગાવી પ્રશ્ન ઉકેલવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

● રજાનો દિવસ હોવાથી ટાઉનહોલ ખાતે વિવિધ સંસ્થાઓના કાર્યક્રમોની હારમાળા સર્જાઈ હતી. જેમ સિનેમાગૃહમાં એક શૉ છુટે ત્યારે બીજા શૉના પ્રેક્ષકો બહાર રાહ જોઈ રહ્યા હોય તેવા દૃશ્યો ટાઉનહોલ ખાતે સર્જાયા હતા.

● શહેરની શાળાઓમાં પરીક્ષાનો માહોલ હોવાની સાથે સાથે ખેલ મહાકુંભ પણ છવાયેલો જોવા મળી રહ્યો છે. અલગ અલગ શાળાઓમાં અલગ અલગ રમતોની સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

● શહેરમાં ઉડતી મોલો મસીનો ત્રાસ વધી રહ્યો છે જેના કારણે ટુ-વ્હીલર ચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, ચળકતા અને પીળા રંગોવાળા વસ્ત્રો ધારણ કરેલા હોય તેમને આખા શરીરે મોલોમસી લાગી જાય છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

સાત વર્ષથી વોન્ટેડ બુલટેલકર એબસ્કોન્ડર સ્કવોર્ડના સકંજામાં

ડભોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુનો નોંધાયો હતો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે નાસતા ફરતા આરોપીઓને શોધવા પોતાના બાતમીદારોને વિશેષ સક્રીય કર્યા છે. દરમિયાન ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ-૨૦૦૯માં જે બુટલેગરોનો દારૂ પકડાયો હતો તે ગુનામાં સાત વર્ષથી વોન્ટેડ ઈડરના રાજેન્દ્રસિંહ નારણસિંહ ચૌહાણ આજે એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલના સકંજામાં આવી ગયો છે. સાત વર્ષથી વોન્ટેડ બુટલેગરની ધરપકડ કરી લઈને એબસ્કોન્ડર સ્કવોર્ડે તેને ડભોડા પોલીસને સોંપી દીધો છે.

શહેરમાં સેક્ટર-૧૨ અને ૨૨ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા

સત્તામંડળ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૨૨ અને ૧૨ ખાતે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકો તેમજ મહિલાઓના અધિકારો વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય અને સેક્ટર-૧૨ અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ખાતે યોજાયેલી કાનૂની શિબિરમાં એડીશનલ ડ્રીસ્ટીક્ટ સેસન્સ જજ બી.ડી. પટેલે મહિલાઓના ભરણપોષણના અધિકાર તેમજ મહિલાઓની જાતિય સતામણી, સ્ત્રીભ્રૂણ હત્યા, મહિલાઓના અધિકારો, કાયદો અને આધ્યાત્મિકતા, બાળકોના અધિકારો અને રક્ષણ વિશે વિશેષ માર્ગદર્શન મહિલાઓ અને બાળકોને પુરું પાડ્યું હતું.

આ પ્રસંગે પેરાલીગલ વૉલિન્ટીર્સ સુધીરભાઈ દેસાઈ, જયરામભાઈ સોની, સિતારામભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર, જીગીષાબેન ઉપાધ્યાય, વિમલાબેન તેમજ ગુરુકુળ વિદ્યાલયના આચાર્ય ચીનુભાઈ પટેલ, રસીલાબેન વેગવાણી, શર્મિષ્ઠા દવે, લીનાબેન મહેતા, ભારતીબેન ભાવસાર સહિતા મહાનુભાવોએ હાજર રહી વિસ્તૃત કાનૂની માહિતી પુરી પાડી હતી.

ખેલ મહાકુંભમાં અન્ડર-૧૬ ટેકવોન્ડો સ્પર્ધામાં ગોલ્ડમેડલ

ગાંધીનગર, તા.૭

ખેલમહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા

ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં એસ.જી. પટેલ શાળાની ધોરણ-૮માં અભ્યાસ કરતી કુમારી કાવ્યા મનીષકુમાર વ્યાસે અન્ડર-૧૬ ટેકવોન્ડો સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીનીને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાજ્યકક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં ઈન્ફોસીટી સ્કૂલને ૯ મેડલ

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ કૃષ્ણનગર ખાતે સ્ટેટ ટૂર્નામેન્ટ ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાળાના વ્રજ પટેલને ગોલ્ડ મેડલ, પ્રાન્શુ દેસાઈ, નીધિ ચૌધરી, વત્સલ પટેલ તથા શીલ પ્રિયદર્શીને

સિલ્વર મેડલ, તેમજ માહી જ્હા, કૌશલ ગૌસ્વામી, મિલન પટેલ તથા પરીખ કુશને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો. તમામ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. તે બદલ વિજેતા વિદ્યાર્થીઓને સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા, પ્રમુખ વૈષ્ણવસર તેમજ સુપરવાઈઝર પ્રવિણાબેન અને દિપ્તીબેન દ્વારા સર્ટીફિકેટ અને મેડલ એનાયત કરાયા હતા. સ્કૂલના તમામ ખેલાડીઓને અજય જાડેજા દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. વિજેતા ખેલાડીઓને અને કોચને ઈન્ફોસીટી સ્કૂલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની કુ. રીતુ ચૌધરી વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર,તા.૭

સુભાષચંદ્ર શિક્ષણ સંકુલમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં ધો.૯ થી ૧૨ના વિભાગમાં જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ધો.૯માં અભ્યાસ કરતી કુમારી રીતુ મહેન્દ્રભાઈ ચૌધરીએ 'સ્વામીજીના સ્વપ્નનું ભારત' વિષય પર વકતવ્ય આપેલ જેમાં બીજો નંબર આવેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ તથા શાળાપરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ડાયાબીટીશે છીનવી દૃષ્ટિ, તો પત્નિએ દેખાડી સૃષ્ટિ

ગાંધીનગર, તા. ૭

વહેલી પરોઢના ચાર વાગ્યા છે, ગાંધીનગરના સેક્ટર-૨૧ના એક ફ્લેટના પહેલા માળે ૭૬ વર્ષીય વયોવૃદ્ધ વડીલ રસોડામાં ચા બનાવી રહ્યાં છે. પાંચ વર્ષ પહેલા આંખમાં ઝામર થઈ હતી. ત્યારે ભારે

ડાયાબીટીશના કારણે દૃષ્ટિ સંપૂર્ણ નિસ્તેજ બનવા છતાં નિત્યક્રમ મુજબ દરરોજ પરોઢિયે વહેલા ઉઠીને જાતે ચા બનાવવી, બ્રશ કરવો અને ચુસ્કી ભરતા ભરતા બે કલાક સુધી ટીવી પર ન્યૂઝ સાંભળવામાં જો ન્યૂઝમાં કંટાળો આવે તો રેડિયો ચાલુ કરી મધુર ગીતો સાંભળવાના. છ વાગ્યા પછી શ્રીમતિજીને મદદરૂપ થવાના આશયથી શાક સમારવાનુ કે એવુ કોઈ નાનુ-મોટુ કામ સુઝે અને વગર આંખે ફાવે તો એ પણ કરી લેવાનું. એટલામાં શ્રીમતિજીના જાગવાનો સમય થઈ જાય.

છેલ્લા પાંચ પાંચ વર્ષથી તેમની પ્રભાતનો આ પ્રમાણે જ પ્રારંભ થતો હોય છે. શ્રીમતિજી પણ એક ઠરેલ, સમજુ અને કામગરા. ૭૦ વર્ષની વયે પણ ઉઠતાવેંત ઝડપભેર કામ આટોપવા લાગે. પછી ઘરમાં ફરીવાર ચા બને અને બંને પતિ-પત્નિ સાથે ચા-નાસ્તો કરે. બરાબર સાત વાગે એટલે શ્રીમતિજીની એક ખાસ ડ્યુટીનો પ્રારંભ થાય જેમાં તેઓ ન્યુઝ રીડરની ભૂમિકામાં હોય. ના, કોઈ ટીવી ન્યુઝ ચેનલ કે રેડિયોના ન્યુઝ રીડર નહી, પરંતુ પોતાના ઘરે આવતા અઢળક અખબારો નિસ્તેજ બનેલી આંખોના કારણે વાંચી ના શકતા પતિને વાંચી સંભળાવવા માટેના ન્યુઝ રીડર. બરાબર એક કલાક સુધી અને ઘણીવાર તો દોઢ કલાક સુધી આ ડ્યુટી ચાલે. છાપાઓનો ખૂણે ખૂણો વાંચી સંભળાવવાનો. એક સમાચાર રહી ના જાય એટલું જ નહી પરંતુ તમામ કટાર પણ વાંચવાની. જ્યારથી પતિની આંખોએ તેની સમર્થતા ગુમાવી છે ત્યારથી તેઓ તેમની દૃષ્ટિ બનીને આંખની ગરજ સારી રહ્યાં છે. માત્ર અખબાર વાંચવા પુરતુ જ નહી પરંતુ વઢવાણમાં એસએસસી પાસ કરી હોમસાયન્સ કરનાર આ ગૃહિણીએ તેમના બહારગામના મિત્રોના અંગ્રેજીમાં આવતા પત્રો વાંચવાથી માંડીને બેંકની 'પાસબુક' વાંચવા સુધીની મહારત હાંસલ કરી લીધી છે. ''સાયકલ યુગ''માં સંઘર્ષમય જીવન ગુજારી આજે એક સુખી-સંપન્ન પરિવાર સુધી પહોંચનાર દંપતિ જાણે એક-મેકનો પડછાયો બનીને જાણે એકબીજાને કહી રહ્યો છે ''એક તેરા સાથ હમકો દો જહાં સે પ્યારા હૈ, તુ હૈ તો હર સહારા હૈ.''

આજે જૈફ વયે પહોંચેલા વડીલ ક્યારેક સચિવાલયમાં સરકારી કર્મચારી હતા અને તમામ કર્મચારીઓના હક્કો માટે હંમેશા નેતૃત્વ લેવામાં અગ્રેસર રહેતા હતા. માત્ર સચિવાલય જ નહી પરંતુ વિવિધ સંસ્થાઓમાં સક્રીય રહી લોકસેવા તથા કર્મચારીઓના પ્રશ્ને મહત્વની ભૂમિકા ભજવી યુનિયનમાં મહત્વના પદ ધારણ કરી બહોળો પ્રસંશક વર્ગ પણ ઉભો કર્યો હતો. નોકરીને જોખમમાં મુકીને પણ નાનામાં નાના કર્મચારીના પ્રશ્ને અવાજ ઉઠાવવામાં પાછીપાની નહી કરવાની તથા સામાજિક કાર્યોમાં પણ એટલા જ પ્રવૃત્ત રહેવાનં જેના કારણે ઘરે પણ સતત લોક સંપર્ક ચાલુ રહેતો અને ધર્મપત્નિના ભાગે કામનો બોજો વધે જ રાખતો. જો કે ચહેરા પર લગીરે અણગમાની રેખા અંકાયા વગર હસતે મોંઢે તમામ જવાબદારીઓ સુપેરે ઉઠાવતા ધર્મપત્નિ ફરિયાદનો હરફ સુદ્ધા નહોતા ઉચ્ચારતા. એક દિકરી અને ત્રણ દિકરાઓના હર્યોભર્યો પરિવાર શહેરમાં મોભાનું સ્થાન ધરાવતો હતો અને હાલ તમામ સંતાનો પોત પોતાના ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી સાથે ઠરીઠામ છે તેનો સંતોષ દંપતિના ચહેરે સતત ઝબકે છે.

બસ પાંચેક વર્ષ પહેલા

ડાયાબીટીશ જેવા મહારોગના કારણે દૃષ્ટિનું તેજ ગુમાવ્યા પછી પણ ૪૪ વર્ષના દામ્પત્યજીવનના સથવારો હોવાથી જરા પણ વિચલીત થયુ નથી. આજે આ દામ્પત્યજીવન સુવર્ણ જયંતિના આરે આવીને ઉભુ છે. સવારથી નિત્યક્રમ મુજબ દિનચર્યા એવી સરસ ગોઠવાયેલી કે જાણે બંને એકમેકના પૂરક બનવા જ સર્જાયા હતા. બપોરે ૩ થી ૫ વાગ્યા દરમ્યાન ફરજિયાત આરામ, ફોનનું રીસીવર પણ બાજુમાં મુકી દેવાનું. પાંચ વાગ્યા પછી પતિદેવ પાછા થર્મોસ ભરીને ચા લઈને ફ્લેટના ભોયતળીયે આવેલ દિકરાની ઓફિસે પહોંચી જાય અને લોકસેવાના કાર્યોમાં પરોવાઈ જાય. પત્નિને ભજન-કિર્તન અને આનંદના ગરબાની લગની એટલે એમાં પરોવાય. દિવસે ભજન ના હોય તે દિવસે ટીવી પર ધાર્મિક ચેનલો પર ભક્તિરસ માણવાનો. આ પરિસ્થિતિમાં પણ પતિદેવની સામાજિક પ્રવૃત્તિઓના કારણે ઘરે મહેમાનોનો ધસારો વધુ રહે જે હંમેશા આવકારવાનો. તેમની આ ભાવનાથી પ્રેરિત થઈ હળવદના બ્રહ્મસમાજે તેમના સમાજના ના હોવા છતાં તેમને સન્માન્યા હતા. અને તાજેતરમાં જ પોતાના દિકરાએ યોજેલા એક સામાજિક સમારંભમાં મુખ્ય મહેમાન પદે બિરાજી ગદ્‌ગદિત થયેલા આ માતાએ વડાપ્રધાનના માતૃશ્રીને યાદ કરી પુત્રને આશિર્વાદ પાઠવ્યા તો પિતાએ તો એટલુ કહી દીધુ કે ''સામાન્ય રીતે સંતાનો બાપના નામથી ઓળખાય છે પણ અમે સંતાનો થકી ઓળખાઈએ છીએ તેનું અમને ગૌરવ છે.

આ દંપતિ છે ગાંધીનગરના સે. ૨૧માં રહેતા શાંતિલાલ ચૌહાણ અને તેમના પત્નિ વાસંતીબેન જેઓ પતિ-પત્નિના સંબંધોના સાચા પર્યાય સમા બની પોતાની સાથે અન્યોની જીંદગી સજાવવા પ્રેરણારૂપ બની રહ્યા છે.

પ્રતિભાવો :

Samirtalod@ yahoo.com

''તુ મારી આંખ ને હું તારી દૃષ્ટિ, પછી જો કેવી લાગે છે આ સૃષ્ટિ.''

દારૂનો જથ્થો ભરેલી બોલેરો જીપ એસઓજીએ પકડી પાડી

ભાદરોડા પાસે સરપ્રાઈઝ વાહન ચેકીંગ દરમિયાન ૩.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત : જીપ મુકી બે શખ્સો રફુચક્કર થઈ ગયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એસઓજીની ટીમે ગઈ સાંજે રખિયાલ નજીક ભાદરોડા ગામની સીમમાં સરપ્રાઈઝ વાહન ચેકીંગ શરુ કર્યુંહતું. દરમિયાન ત્યાંથી પસાર થયેલી એક બોલેરો જીપને ઊભી રાખવા ઈશારો કરતાં જીપ ઊભી રાખીને બે શખ્સો અંદરથી બહાર નીકળીને ખેતર તરફ ભાગ્યા હતા. શંકા જતા ટીમે બંનેની પીછો કર્યો પરંતુ બંને અંધારામાં સરકી ગયા હતા. જીપમાં તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૬૭૦ નંગ બોટલો મળી આવી હતી. એસઓજીએ ૩.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને જીપ નંબરને આધારે બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

એસઓજી., પીઆઈ, પી.બી. ચૌહાણની સૂચનાથી પીએસઆઈ એમ.પી. ચૌહાણ, એએસઆઈ ગૌતમભાઈ, કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહ તથા ગજેન્દ્રસિંહ સહિતની ટીમ ગઈ સાંજે પેટ્રોલિંગમાં હતી સાંજના અરસામાં આખી ટીમ રખિયાત નજીક ભાદરોડા ગામની સીમ પાસે રોડ પર ઊભી રહી ગઈ અને સરપ્રાઈઝ વાહન ચેકીંગ શરુ કરી દીધું હતું. દરમિયાન ત્યાંજી જીજે.૨. એપી.૯૩૪૮ નંબરની બોલેરો જીપ પસાર થતા ઉભી રાખવા ઈશારો કર્યો. જીપ ઉભી રાખીને બે શખ્સો બહાર નીકળ્યા ને ખેતર તરફ દોટ મુકી હતી. પોલીસને શંકા જતા તે બંનેનો પીછો કર્યો પરંતુ અંધારું અને ખેતરની શેઢીઓને કારણે બંને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. જીપમાં તપાસ કરતાં ૮૮ નંગ રોયલ ચેલેન્જ, ૧૯૮ નંગ રોયલ સ્ટેગ અને ૩૮૪ નંગ ઓફીસર્સ ચોઈસની બોટલો મળી કુલ રૂા. ૧, ૩૩, ૬૦૦ની કિંમતની ૬૭૦ નંગ બોટલો મળી આવી હતી. જીપ સહિત રૂા. ૩, ૩૩, ૬૦૦નો મુદ્દામાલ એસઓજીની ટીમે જપ્ત કરીને રખિયાલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે.

ચિરવિદાય

- સ્વ. અશ્વિનકુમાર સુકદેવજી ભટ્ટ, ઉ.વ.૬૪
- સ્વ. કનૈયાલાલ નારણલાલ મહેતા, ઉ.વ.૮૨
- સ્વ. ઉદાજી માધાજી જાદવ, ઉ.વ.૮૫
- સ્વ. ઝુલાબેન મનુભાઈ વાડજીયા, ઉ.વ.૬૨
- સ્વ. સુલક્ષણાબેન રવિન્દ્રરાય મહેતા, ઉ.વ.૮૮